ક્રમાંક:જીઆઈડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/ ૦૧
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા. ૧૦/૦૧/૨૦૨૫

## // પરિપત્ર //

**વિષય: બિનઅધિકૃત મોબાઈલ ટાવર નિયમિત કરવા અંગેની સમયબંધી નીતિ.**

સંદર્ભ: ૧. નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ પોસ્ટ-વિતરણ/ સીઆઇઆર/ પોલીસી/ મોબાઈલ ટાવર/ ૩૬, તા.૩૦/૦૯/૨૦૨૧.

૨. નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ એએલટી/ પોસ્ટ-વિતરણ/ પોલીસી/૮, તા.૧૧/૦૮/૨૦૨૩.

નિગમની જુદી-જુદી ઔધોગિક વસાહતોમાં ઉધોગકારો તરફથી ટેલીકોમ ઓપરેટર કંપની સાથે મોબાઈલ ટાવરનાં સ્થાપના હેતુ કરાર કરવામાં આવે છે, જે અંગે નિગમની મંજુરી ફરજિયાતપણે મેળવવી જરૂરી હોઈ તે અંગે નિગમની ૫૧૩ મી સભામાં પસાર થયેલ ઠરાવ અન્વયે મોબાઈલ ટાવર અંગે તા.૩૦/૦૯/૨૦૨૧ થી સર્વગ્રાહી નીતિ અમલમાં મુકવામાં આવેલ હતી. જે નીતિની સમયમર્યાદામાં નિગમની મંજુરી મેળવેલ ન હોઈ તેમજ વિવિધ ટેલીકોમ ઓપરેટર કંપનીઓ તરફથી મળેલ રજૂઆત અન્વયે બિનઅધિકૃત મોબાઈલ ટાવર નિયમિત કરવા તા.૧૧/૦૮/૨૦૨૩ ના રોજ સમયબંધી નીતિ જારી કરવામાં આવેલ હતી. આ નીતિની સમયમર્યાદા ૯૦ દિવસ સુધીની હતી.

સદર નીતિની સમયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોઈ તેમજ ટેલીકોમ ઓપરેટર કંપનીઓ તરફથી ટૂંકાગાળામાં મોબાઈલ ટાવર નિયમિત કરવા માટેની અરજી ન કરી શકતાં, સદર નીતિનો લાભ લેવાથી વંચિત રહી ગયેલ હોવાથી ટેલીકોમ ઓપરેટર કંપનીઓ તરફથી મળેલ રજૂઆત સંદર્ભે, તા.૧૧/૦૮/૨૦૨૩ ની સમયબંધી નીતિમાં નિયત કરેલ સમયમર્યાદામાં ફરીથી વધારો કરવામાં આવે છે. જે મુજબ આ નીતિનો લાભ મેળવવા ઈચ્છતા અરજદારે સદર પરિપત્ર જારી થયેથી તા.૧૫/૦૪/૨૦૨૫ સુધીમાં નિગમને ઓનલાઈન અરજી કરવાની રહેશે. અગાઉના સંદર્ભિત પરિપત્રોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

**પ્રતિ,**

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ રવાના :**

૧. જનરલ મેનેજરશ્રી (ગ્રેડ-૧) (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ...... તરફ નિગમની વેબસાઇટ પર મૂકવા સારું તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.
૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.
૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યું,

મેનેજર (મહેકમ)